લૂઇ બ્રેઇલ

સચિત્ર પુસ્તક



ડેવિડ એડલર

ચિત્ર: જ્હોન અને અલેક્સઝાન્ડ્રિયા

લૂઇ બ્રેઇલ

સચિત્ર પુસ્તક




ડેવિડ એડલર


ચિત્ર: જ્હોન અને અલેક્સઝાન્ડ્રિયા



લૂઇ બ્રેઇલ નો જન્મ 4 જાન્યુઆરી, 1809 માં ફ્રાન્સ માં પેરિસ પાસે એક નાના પહાડી ગામ કૂપવ્રે માં થયો હતો. લૂઈ ના પિતા સાઈમન-રેને બ્રેઇલ ઘોડા ની કાઠી બનાવતા હતા. એની માઁ નું નામ મોનિક બેરોન-બ્રેઇલ હતું. લૂઈ ચાર બાળકો માં સૌથી નાનો હતો.

બ્રેઇલ પરિવાર, ત્રણ રૂમ ના પથ્થર ના ઘર માં રહેતા હતા. એનું ભોજન એના નાના ખેતર અને દ્રાક્ષ ની વાડી માં થી આવતું હતું. વાડા ની સામે સાઈમન-રેને ની દુકાન હતી જેમાં મોટું કામ કરવાનું ટેબલ હતું જેની ઉપર ચામડા ના ટુકડા, હથોડી, તેજ છરી, અણીદાર મોચી નો સોયો અને અન્ય વસ્તુઓ હતી. જયારે એના પિતા કામ કરતા હોય, ત્યારે લૂઈ ઘણીવાર ચામડા ના વધેલા ટૂકડા સાથે રમતો હતો.





એક ઉનાળા ના દિવસે, જયારે એના પિતા એક ગ્રાહક સાથે બહાર વાતચીત કરી રહ્યા હતા, ત્યારે ત્રણ વર્ષ નો લૂઈ દુકાન માં ગયો. એણે એક અણીદાર ઓજાર લીધું જે એણે એના પિતા ને વાપરતા જોયા હતા. લૂઈએ ઓજાર થી એ કર્યું જે એણે એના પિતા ને ઘણી વાર કરતા જોયા હતા. પણ ઓજાર સરકી ગયું અને એની આંખ માં વાગ્યું.






લૂઈ એ ચીસ પાડી. એના માતા-પિતા દોડી ને એની પાસે
આવ્યા. એમણે લોહી સાફ કર્યું અને આંખ પર પટ્ટી બાંધી.



માતા-પિતા લૂઈ ને એક વૃદ્ધા પાસે લઈ ગયા જે ગ્રામીણ ચિકિત્સક હતી. એણે કમળ ના ફૂલ નો રસ લગાવ્યો. પછી માતા-પિતા એને એક ડોક્ટર પાસે લઈ ગયા. પણ કોઈ એની આંખ બચાવી ન શક્યા. આંખ માં ચેપ થયો અને બીજી આંખ માં ફેલાયો. થોડા સમય માં લૂઈ બ્રેઇલ આંધળો થઈ ગયો.

લૂઈ ને ફરી ભોજન કરતા શીખવું પડયું અને વસ્તુ સાથે અથડાયા વગર કેમ ચાલવું, એ પણ શીખવું પડયું.


લૂઈ ના પિતા એ એને માટે એક ડંગોરો (ચાલવાની લાકડી) બનાવ્યો. ચાલતે સમયે લૂઈ એનાથી એની સામે ની જમીન ઠપકારતો એ સુનિશ્ચિત કરવા કે રસ્તો સાફ છે. અને જયારે લૂઈ ક્યાંક જતો તો એ પગલાં ગણતો. એટલે પાછા ફરતા એને કેટલું ચાલવાનું છે એ એને યાદ રહેતું.



લૂઈ હવે એની સાવ અંધારી દુનિયા માં ધ્વનિ, ગંધ અને વસ્તુઓ ના આકાર અને અનુભવ વિષે વધારે જાગરૂક થઈ ગયો હતો. ચાલતી વખતે લોકો વિભિન્ન અવાજો કરતા હતા જેને લૂઈ ઓળખતા શીખી ગયો હતો. એ ઘણી વાર સડક પર ગાડી ના અવાજ થી ઓળખી જતો હતો કે ઘરે કોણ આવવાનું છે.

1800 ની શરૂઆત માં ફ્રાન્સ યુદ્ધ માં ફસાયેલું હતું. ફ્રાન્સ ના સમ્રાટ નેપોલિયને આખા યુરોપ અને રશિયા માં લડવા માટે એની વિશાળ સેનાઓ મોકલી હતી. શરૂઆત માં એ વિજયી થયા, પણ 1814 સુધી માં ફ્રાન્સ ની સેનાઓ હારી ગઈ હતી અને ઘરે પાછી ફરી રહી હતી.

એપ્રિલ 1814 માં દુશ્મન રશિયાના સૈનિકો એ કૂપવ્રે પર હૂમલો કર્યો અને ત્યાં રહેવા અને જમવાની માંગ કરી. આગળ ના બે વર્ષો સુધી ઘણા રશિયા ના સૈનિકો બ્રેઇલ ના ઘર સામેથી પસાર થતા રહ્યા. યુવાન લૂઈ માટે એ અજનબીઓ સાથે રહેવાનું ભયાનક રહ્યું હશે જેને એ જોઈ શકતો ન હતો અને જેની ભાષા એ સમજી શકતો ન હતો.





1815 માં એક ચર્ચ ના નવા પાદરી, જેક્સ પલ્લુ, ફૂપવ્રે આવ્યા. એ લૂઈ ના પહેલા શિક્ષક બન્યા. એણે જ લૂઈ ને બાઇબલ શીખવાડયું. એણે લૂઈ ને જાનવરો ને એના અવાજ થી, અને ફૂલો ને એની ગંધ થી, ઓળખતા શીખવાડયું.





લૂઈ ના પિતાએ ગોળ માથાવાળી બેઠક ની ગાદી માટે વપરાતી ખીલી એક લાકડા ના બોર્ડ માં હથોડી થી ઠોકી. ખીલી ના માથા ને અડી ને લૂઈએ વર્ણમાળા શીખી. એના પિતાએ પછી એને અક્ષરો ને જોડી ને શબ્દો બનાવતા શીખવાડયું.

બીજે વર્ષે એક નવા સ્કૂલ ના શિક્ષક, અંટોઆઈન બેચેરેટ, કૂપવ્રે આવ્યા. એ સમયે કોઈ નેત્રહીન બાળક નું સ્કૂલ જવાનું અસામાન્ય વાત હતી. પણ લૂઈ વધારે ચાલાક હતો, અને અંટોઆઈન બેચેરેટ એને ભણાવવા આતુર હતા.


લૂઈ ફક્ત સાંભળી ને શીખી શકતો હતો. એ બીજા બાળકો વાંચતા હતા એની જેમ પુસ્તકો વાંચી નહોતો શકતો. તેમ છતાં, એની યાદશક્તિ સારી હતી અને એ એક ઉત્તમ છાત્ર હતો.







ફેબ્રુઆરી 1819 માં લૂઈ ને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર બ્લાઇન્ડ ચિલ્ડ્રન માં રહેવા અને ભણવા માટે પેરિસ મોકલવામાં આવ્યો. એ નેત્રહીન માટે દુનિયા ની પ્રથમ સ્કૂલ હતી, જેની સ્થાપના 1784 માં વેલન્ટીન હાઉ એ કરી હતી.

જયારે લૂઈ સ્કૂલ આવ્યો, ત્યારે એ એક નીરસ પાંચ માળ ના મકાન માં હતી, જેની બારીઓ માં લોખંડ ના સળિયા લાગેલા હતા. ત્રીસ વર્ષ પહેલા, ફ્રાન્સ ની ક્રાંતિ ના દિવસો માં, એ એક જેલ હતી. લૂઈ બ્રેઇલ એનું બાકી નું જીવન એ સ્કૂલ માં જ રહેવાનો હતો.









લૂઈ ને વાંચવા માટે સંસ્થા માં પુસ્તકો હતા. એ પુસ્તકો ના પાના ઉપર ઉપસેલા અક્ષરો હતા જેને એ સ્પર્શ કરીને જાણી શકતો હતો. અક્ષરો મોટા હતા. પુસ્તકો મોટા અને ભારે હતા. દરેક અક્ષર ને આંગળી ના સ્પર્શ થી જાણવા એક ધીમી પ્રક્રિયા હતી. એને "P" અને "R" અને "E" અને "F" વચ્ચે અંતર કરવું મુશ્કેલ હતું. પણ અંતે લૂઈ એ પુસ્તકો વાંચવાનું શીખી ગયો.


સ્કૂલ માં ઇતિહાસ, ભૂગોળ, ગણિત, લેટિન અને વ્યાકરણ, સંગીત અને હસ્તકલા ના વર્ગ નિયમિત રૂપે થતા હતા. લૂઈ ને સંગીત પસંદ હતું. એની પાસે સંગીત ની પ્રાકૃતિક દેન હતી. એણે પિયાનો, ઓર્ગન, વાયોલિન અને સેલો વગાડતા શીખ્યું. 1834 ની શરૂઆત માં લૂઈએ થોડા પેરિસ ના ચર્ચ માં ઓર્ગન વગાડયું.



1821 માં લૂઈ ને સોનોગ્રાફી - રાત્રી લેખન - શીખવાડવામાં આવી, જે ઉભરેલા બિંદુઓ અને ડેશ નો એક કોડ હતી.એનો આવિષ્કાર ફ્રાન્સ ની સેના ના એક કપ્તાન ચાર્લ્સ બાર્બિયેરે કરી હતી, જેનાથી સૈનિક અંધારા માં દીપક સળગાવ્યા વગર કોઈ સંદેશો વાંચી શકે. સૈનિક આંગળીઓથી અડીને સંદેશો વાંચી શકતા હતા.

લૂઈ બ્રેઇલ સોનોગ્રાફી થી ઉત્સાહિત હતો. એ એને વાંચવા અને લખવા માટે ઉપયોગ કરી શકતો હતો. પણ એને થોડા સમય માં એ પદ્ધતિ ની સમસ્યાઓ સમજાઈ.

એક શબ્દ ને લખવા માટે એ પદ્ધતિ માં ઘણા બિંદુઓ લાગતા હતા. એમાં સંખ્યાઓ અથવા વિરામ ચિન્હો માટે કોઈ કોડ ન હતા. સોનોગ્રાફી એક ધ્વન્યાત્મક પદ્ધતિ હતી જેમાં પ્રત્યેક ધ્વનિ માટે પ્રતીક હતા, પણ પ્રત્યેક અક્ષર માટે નહીં. એટલે લૂઈ એનાથી જોડણી કરી શકતો ન હતો.





લૂઈએ પોતાના કોડ સાથે પ્રયોગ શરુ કર્યા. એના સહાધ્યાયીઓ ના સૂઈ ગયા પછી એ મોડી રાત સુધી પ્રયોગ કરતો રહ્યો. એ સવારે વહેલો ઉઠી ને વર્ગ ની પહેલા પણ એના કોડ પર કામ કરતો હતો. 1824 માં લૂઈ બ્રેઇલે સ્કૂલ ના પ્રિન્સિપાલ ડો. આન્દ્રે પીગનીયર ને એની રચના નું પ્રદર્શન દેખાડયું.



લૂઈ બ્રેઇલ ના કોડ માં ત્રણ બિંદુઓ ની બે પંક્તિઓ માં ઉપસેલી બિંદુઓ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમ ડોમિનો (સોગટાંવાળી એક રમત) માં છ બિંદુઓ હોય છે. એને આ રીતે ત્રેસઠ અલગ સંયોગીકરણ મળ્યા - જે વર્ણમાળા ના પ્રત્યેક અક્ષર માટે અને વિરામ ચિન્હ અને સંખ્યાઓ દર્શાવવા માટે પર્યાપ્ત હતા. ત્યાર પછી લૂઈએ સંગીત ના સ્વર ની લિખિત નિશાની માટે પણ પ્રણાલી વિકસિત કરી.

બ્રેઇલ ની નવી પ્રણાલી સોનોગ્રાફી ની તૂલના માં શિખવા અને વાંચવા માટે બહુ સહેલી હતી.

1825 સુધી લૂઈ બ્રેઇલ અને એના મિત્ર ગેબ્રિઅલ ગૌથિયરે પહેલું બ્રેઇલ લેખન બોર્ડ બનાવ્યું. હવે લૂઈ, ગેબ્રિઅલ અને અન્ય અંધ લોકો લખી પણ શકતા હતા.



1826 માં લૂઈ બ્રેઇલ ને નેત્રહીનો ની રાષ્ટ્રીય સંસ્થા માં એક સહાયક અને બે વર્ષ પછી એક પૂર્ણ શિક્ષક બનાવવામાં આવ્યો. લૂઈએ ગણિત, ભૂગોળ, વ્યાકરણ અને સંગીત શીખવ્યા. સ્કૂલ ના અન્ય શિક્ષક પાઠ ન સમજાય એવા બાળકો ને શિક્ષા કરતા હતા પણ લૂઈ બ્રેઇલ એના છાત્રો સાથે હંમેશા પ્રેમ થી વર્તન કરતો હતો.




શરૂઆત માં ઘણા દ્રષ્ટિવાન લોકો બ્રેઇલ ની નવી પ્રણાલી નો ઉપયોગ કરવાની તરફેણ માં ન હતા. એમને લાગ્યું કે બ્રેઇલ નો નવો કોડ અપનાવવો મોંઘો પડશે. એનો અર્થ થશે કે નેત્રહીનો માટે નવા પુસ્તકો તૈયાર કરવા પડશે. દ્રષ્ટિવાન લોકો ને જૂની વ્યવસ્થા થી કોઈ આપત્તિ ન હતી. એ એને સરળતાથી વાંચી શકતા હતા અને એટલે પરિવર્તન માટે કોઈ આવશ્યકતા ન હતી.

રાષ્ટ્રીય સંસ્થાન માં પણ હજી જૂની પુસ્તકો નો ઉપયોગ થતો હતો. છાત્રોએ પોતે લૂઈ ની નવી પ્રણાલી ને અજમાવી. એને બ્રેઇલ ની નવી પ્રણાલી પસંદ આવી. ડો. પીગનીયર પણ ચાહતા હતા કે એને સ્કૂલ માં અપનાવવામાં આવે. એને લાગ્યું કે બ્રેઇલ કોડ નેત્રહીનો માટે ફ્રાન્સ નો આધિકારિક કોડ બનવો જોઈએ. પણ રાષ્ટ્રીય સંસ્થાન ના નિદેશક એની વિરુદ્ધ હતા. 1840 માં, જયારે એને ખબર પડી કે સ્કૂલ, બ્રેઇલ માં છાપેલી પુસ્તકો નો ઉપયોગ કરી રહી છે, તો એણે ડો. પીગનીયર ને રાષ્ટ્રીય સંસ્થાન છોડવા માટે મજબૂર કર્યા.


દ્રષ્ટિવાન લોકો બ્રેઇલ ની પ્રણાલી શીખી રહ્યા ન હતા. આંધળા એને લખી નહોતા શકતા. એટલે 1839 માં, લૂઈ બ્રેઈલે એક પ્રણાલી નો આવિષ્કાર કર્યો જેને એણે રેફીગ્રાફી કહી, જેમાં ઉપસેલા બિંદુઓ નો ઉપયોગ કરીને અક્ષરો ના આકાર બનતા હતા. આંધળા એ અક્ષર ને અનુભવી શકતા હતા. દ્રષ્ટિવાન લોકો એને જોઈ શકતા હતા.






જયારે લૂઈ બ્રેઇલ એના કોડ પર કામ કરી રહ્યા હતા, ત્યારે એણે સંસ્થાન માં ભણાવવાનું ચાલુ રાખ્યું. પણ પાઠ ની વચ્ચે એને ઘણીવાર રોકાવું પડતું હતું. એને ઉધરસ થઈ ગઈ હતી. 1835 સુધી એની ઉધરસ, ક્ષય રોગ માં વિકસિત થઈ ગઈ જે 1800 ના દસકા માં એક ઘાતક બીમારી હતી. ઘણી વાર નબળાઈ ને લીધે એ ભણાવી શકતા ન હતા. સ્વચ્છ દેશી હવા માં શ્વાસ લેવા અને આરામ કરવા એ ઘણી વાર કૂપવ્રે માં ઘરે ચાલ્યા જતા હતા.

1851 ના અંત માં, લૂઈ બ્રેઇલ ગંભીર રૂપ થી બીમાર પડયા. એની પથારી માં થી એણે એના મિત્રો ને કહ્યું, "મને વિશ્વાસ છે કે પૃથ્વી પર મારુ કાર્ય પૂરું થઈ ગયું છે." એના તેંતાલીસ માં જન્મદિવસ પછી, 6 જાન્યુઆરી, 1852 ના દિવસે એનું નિધન થઈ ગયું.





1852 માં લૂઈ બ્રેઇલ ની સિદ્ધિઓ વિષે લોકો ને વ્યાપક રૂપે ખબર ન હતી. પણ સદી ના અંત સુધી, એનો છ બિંદુઓ વાળો કોડ, જેને "બ્રેઇલ" તરીકે જાણવામાં આવે છે, ઘણી ભાષાઓ માં લાગુ કરવામાં આવ્યો હતો અને સમગ્ર વિશ્વ માં એનો ઉપયોગ થઈ રહ્યો હતો.

હેલેન કેલરે, જે નેત્રહીન અને બહેરા હતા, લૂઈ બ્રેઇલ નું "ઈશ્વર જેવું સાહસ અને મોટા દિલ વાળા" એક પ્રતિભાશાળી માણસ તરીકે વર્ણન કર્યું. એણે લખ્યું છે કે બ્રેઈલે "મારે માટે વાંચવાનું સુઃખદ બનાવ્યું છે ... મારી આસ-પાસ ની દુનિયા ખજાના થી ચમકી ઉઠી." એણે લખ્યું કે લૂઈ બ્રેઈલે "ઇન્દ્રિયો થી અપંગ લાખો લોકો ને નિરાશાજનક અંધારા માં થી ચઢવા માટે એક મોટી મજબૂત સીડી નું નિર્માણ કર્યું છે."



લેખક ની નોંધ

વર્તમાન ના ઉચિત ઉપચાર થી લૂઈ બ્રેઇલ, આંખ માં વાગવાના પરિણામસ્વરૂપ નેત્રહીન ન થાત. આજે લૂઈ બ્રેઇલ ના મરણ નું કારણ બનેલા ઘાતક ક્ષય રોગ ના સફળ ઉપચાર પણ ઉપલબ્ધ છે.

લૂઈ બ્રેઈલે સૌથી પહેલા બિંદુઓ અને ડેશ નો ઉપયોગ કર્યો. જયારે એણે જોયું કે બિંદુઓ નો સ્પર્શ કરવો વધારે સરળ છે, તો એણે ડેશ નો ઉપયોગ બંધ કર્યો.

1952 માં, લૂઈ બ્રેઇલ ની સો મી વર્ષગાંઠ પર, એના અવશેષો ને પેરિસ માં પૅન્થિઅન માં લઈ જવામાં આવ્યા. ત્યાં એને અન્ય મહાન ફ્રાન્સ ના વીરો સાથે આરામ કરવા માટે રાખવામાં આવ્યા.



મહત્વપૂર્ણ તિથિઓ

1809 જન્મ 4 જાન્યુઆરી ના ફ્રાન્સ ના ફ્રૂપવ્રે માં થયો.

1812 એના પિતા ની દુકાન માં એક દુર્ઘટના માં લૂઈ અંધ થયા.

1819 નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર બ્લાઇન્ડ ચિલ્ડ્રન, પેરિસ, માં અધ્યયન શરુ કર્યું.

1824 એના પહેલા ઉભરેલી બિંદુઓ વાળા અક્ષરો પર કામ પૂરું કર્યું.

1826 રાષ્ટ્રીય સંસ્થાન માં સહાયક શિક્ષક નિયુક્ત.

1835 ક્ષય ના રોગ ને લીધે બીમાર પડયા.

1839 રેફિગ્રાફી નો આવિષ્કાર કર્યો, જેમાં ઉપસેલા બિંદુઓ સાથે વર્ણમાળા બનાવી, જેનાથી નેત્રહીન લોકો છ બિંદુઓ વાળી પ્રણાલી થી અપરિચિત દ્રષ્ટિમાન લોકો માટે લખી શકે.

1852 જાન્યુઆરી 6 ના, પેરિસ માં મૃત્યુ.